# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

જેટલી ફી લે, બમણી વકીલાત કરે છે,
કોર્ટમાં ને પક્ષમાં ય વકીલાત કરે છે,
લડે છે વકીલાત કરી નિવેદનો સામે -
ફી લઇને શ્રી જેટલી, વકીલાત કરે છે..
(હવે નિવૃત્ત તટસ્થ જજ શ્રી કાત્જુ સામે)

## હાઇકુ

ખોદાઇ ગઇ!
તપાસની સુરંગ -
છટક - બારી..
(સમિતિનું છોટા-ચક્કર)

નાણાં ને શસ્ત્રો,
ચૂંટણી જીતવાનો -
સરળ રસ્તો!!
(ઉપાય સસ્તો -)

## ચિંતન

**ઉપકારિષુ યઃ સાધુઃ સાધુત્વે તસ્ય કો ગુણઃ ।**
**અપકારિષુ યઃ સાધુ સઃ સાધુ સદ્‌ભિઃ ઉચ્યતે ॥**

'ઉપકાર કરનારાઓ પર જે સજ્જનતા દર્શાવે છે એમની સજ્જનતા નો શું અર્થ? (અર્થાત્ એ તો એક લૌકિક વ્યવહાર જ થયો; એમાં કંઇ વિશિષ્ટ પણ નથી) પરંતુ અપકાર કરનારા, આપણું જ કોઇ અહિત કરનારા પરત્વે પણ જે સજ્જનતા દર્શાવે એવા જનોને સજ્જન લોકો સજ્જન કહે છે.'

આ સંસારનો વ્યવહાર છે અને તે સ્વાર્થના પાયા પર ચણાયેલો છે આપણને કોઇ સાથે કંઇ જરૂર હોય, કંઇ મેળવવું હોય, એમની મદદ, સત્તા પહોંચથી કંઇ થઇ શકતું હોય એવા લોકો-પરિવાર સાથે આપણે સંબંધ વધારવા-ટકાવવા સતત પ્રયત્નશીલ રહીએ છીએ. આવાં મહાજન કયારેક આપણને તુચ્છકારે (નકારે-નેગલેટ કરે) છતાં અપમાન ગળી જઇને પણ આપણે તેમની નજીક સરવા પ્રયત્નશીલ જ રહીએ છીએ 'સ્વમાન'ની પણ દરકાર કરતા નથી.

એવી જ રીતે ઉપકાર કરનારા છે તેના પ્રત્યે આપણે સજ્જનતા દર્શાવીએ એ પણ એક વ્યવહારૂં-સ્વાર્થ પર અવલંબિત વ્યાપાર થયો જ કહેવાય, પરંતુ જે આપણું-નૂકશાન કરે, બુરૂં બોલે, આપણી સાથે દુર્વ્યવહાર કરે તેમ છતાં તેને 'મનથી' ક્ષમા આપી, તેની સાથે પણ સજ્જનતા-પૂર્વકનો વ્યવહાર કરનાર જ સાચો સજ્જન છે.

દુર્જનના દોષ જોયા વિના પણ સજ્જન માનવી બધા સાથે જ સજ્જનતા ભર્યો સમાન વ્યવહાર કરે છે.

## સુવિચાર

- મેં ગ્રંથોમાં જીવનપથનાં સૂચનો ખોળી જોયા, ને તીર્થોનાં મલીન જળમાં હાડકાં બોળી જોયાં, અંધારામાં ધુતિકરણ એકાદ યે પામવાને -, મંદિરોના પથ્થ પૂતળાં ઢંઢોળી ખૂબ જોયાં, મોડી મોડી ખબર પડી, 'બા' તું જ છો જયોતિર્ધામ - **કરશનદાસ માણેક**
- પુત્ર પર શમ્યક અનુશાસન કરે તે માતા - **શંકરાચાર્ય**
- જેણે મા ને જાણી એણે ભગવાન જાણ્યા - **સંત વેમન**
- માડી, તારૂં સુભગ હસવું બીજે કયાંય ન ભાળું! - **ચંચી મ્હેતા**
- માતાના સંસ્કાર જ બાળકના જીવનમાં ઓતપ્રોત થાય છે - **નેપોલિયન**
- જે મસ્તી હોય આંખોમાં તે સુરાલયમાં નથી હોતી, અમીરી કોઇ અંતરની મહાલયમાં નથી હોતી, જે માની ગોદમાં છે તે હિમાલયમાં નથી હોતી - **સુરેન ઠાકોર**
- માના ચરણો સમતા અને મમતા, માની આંખો- ક્ષમા અને કરૂણા, માનાં બંને હાથ - વરદાન અને અભયદાન, માનું હૃદય - એ પ્રેમનું મંદિર - **મોરારિ બાપુ**
- અણધાર્યા આવી પડે જયારે દુખના ઘા, તૈંયે નાભીથી વેણ ઉપડે ને મોઢે આવે 'મા'! - **દુલા કાગ**

## બોધ કથા

આજકાલ સંતાન વિશે ફરિયાદ કરતાં વાલીઓની ફરિયાદના મૂળમાં જોઇએ તો વાંક એમનો પોતાનો જ છે. માતા-પિતા આજના યુગમાં બાળકનો ઉછેર-વિકાસ-સંસ્કાર-મૂલ્યો અને નીતિ પ્રત્યે બેદરકાર બની ગયાં છે. પોતાનું બાળક વ્યવહારૂં-લુચ્ચું-પાકું થાય એવું ઇચ્છે. માર ખાઇને આવે એના કરતાં બીજાંને ધોલ-ધપાટ કરીને આવે તો ગમે! પોતાની અનુકૂળતા પ્રમાણે પૈસા આપી ફાસ્ટફૂડ-બહારનું ખાવા મોકલી દે. 'મેગી' તો હાથવગી જ હોય! પહેલાં ટેવ પાડે પછી નડે!

નેપોલિયનની માતાને કોઇ એક પીઢ પત્રકારે પ્રશ્ન પૂછ્યો: નેપોલિયન જેવો સમર્થ પુરૂષ તૈયાર કરવો હોય તો શું થઇ શકે ખરો?

મા એ જવાબ આપ્યો - અરે નેપોલિયન શું! નેપોલિયનથી પણ વધુ શક્તિશાળી પુત્ર તૈયાર કરવો હોય તો, તો પણ થઇ શકે.. મને આ એક વાત પાદરીએ આમ સમજાવી હતી :

એક ચારિત્ર્યશીલ દંપતી પોતાના સંતાનમાં ધર્મનીતિ પ્રત્યે આદર્શ સ્થાપિત કરે, પ્રલોભન સામે થવા તેનામાં એક તાકાત ઊભી કરે, જીવનની અનેક મુશ્કેલીઓમાંથી જ્ઞાન અને અનુભવ પ્રાપ્ત કરી શકે તેવો બાળક તૈયાર કરીને જીવનના સમરાંગણમાં પ્રવેશ કરાવે તો સંતાન પ્રભાવશાળી જ નિવડે..

..અને મારા ગર્ભમાં નેપોલિયન હતો ત્યારથી સતત આ બાબત માટે જાગૃત હતી; મને લાગે છે કે પિતા કરતાં પણ માતાની જવાબદારી વિશેષ છે. સંતાન પાછળ લીધેલો શ્રમ કદી પણ એળે જતો નથી.

# પ્રેમભંગની ઉદાસી..!! તુમ અગર મુજકો ના ચાહો તો કોઇ બાત નહીં..!!

## પ્રેમમાં જયારે પારદર્શકતાને બદલે છલકાય દંભ, અપેક્ષા પૂર્ણ ના થતાં પ્રેમનાં અંત તરફ જાય સંબંધ

### Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

વેલેન્ટાઇન ડે ના દિવસે સવાર સવારમાં ફોન વાગ્યો અને રિંગટોનમાં 'જો તુમકો હો પસંદ વહી બાત કરેંગે, તુમ કો દિન કો અગર રાત કહો રાત કહેંગે' ગીતથી દિવસ સરસ જ જશે એવો ભાસ થયો... પણ કહેવાય છે ને કે બધું જ આપણી મરજી પ્રમાણે થાય તો પછી ભગવાનને કોણ માને?

ફોન કરનારાં ભાઇનું ઠંડીના વાતાવરણ માંય ટેમ્પ્રેચર એ વોલ્યુમ બંને હાઇ હતાં, 'બોસ, બધાં કામો પડતાં મુકીને મારી વાત સાંભળો' મેં કીધું જરા શાંતિથી વાત કરો અને એ તો કહો કે તમને મારો નંબર આપ્યો કોણે? પેલો ભાઇ, 'જુઓ, પેલી જાસૂસી વાતો છોડો, અને મને જે પ્રેમમાં આંચકો લાગ્યો છે, એની વેદના સમજો, ચેતના નામ છે મારૂં અને સરિતા ઉધાનમાં માંડ મથી હિંમત ભેગી કરીને પિંકીને મનાવવા આવ્યો, પણ એને મારૂં પ્રપોઝલ ઠુકરાવી દીધું...' ફુગ્ગામાંથી હવા નીકળી જાય એટલે જેમ ચિમળાઇ જયા એમજ એનો અવાજ, ગરમી બધું ફસકી ગયું, વાત તો એણે ૧૫ મિનિટ કરી અને એને જ સાંત્વના આપી ત્યારે જ મનમાં થયેલું આના જેવાં દુ:ખિયા માટે જ કંઇક લખીએ તો...

ચેતન પાસેથી પિંકીનો નંબર મેળવીને મેં એની સાથેય વાત કરેલી અને પિંકીએ કીધું, 'દંભી છે એ તો, જે નથી એ બતાવવાં મથે છે. મને મળવા આવ્યો તો બાઇક મિત્રનું માંગી લાવ્યો, કપડાંય, કોકના અને ગિફ્ટ માટે પૈસા પણ પુસ્તક માટે રાખેલાં એ ખર્ચ કર્યા, હવે આને કેમ સમજાવું કે પ્રેમમાં પવિત્રતા, પારદર્શકતા અને પાત્રતા જોઇએ, હવે જો આની આ બધી વાત મને જો ના ખબર હોત અને ફ્યી મારી અપેક્ષા ભંગ થાત તો આ સંબંધ અને પ્રેમનો અંત જ આવી જાત ને...' એક જ શ્વાસે બોલાયેલો એની વાતથી પ્રેમભગ્ન થયેલા ચેતનની કહાનીનો જવાબ મળી ગયો..

શું થયું ફ્રેન્ડસ? કયાં ખોવાઇ ગયા? તમે આ વાંચી ગયાં એનો અર્થ તમે કોકને પ્રપોઝ કર્યું જ નહીં, અથવા પ્રપોઝ કર્યું પણ પેલી એ ના પાડી... ખરૂં ને? દેખાય જ છે તમારા ચહેરા પર. પણ એક વાત કહો, એકાદીને ના પાડી એમાં આટલું નિરાશ થોડું જ થવાય? છોકરીઓ તો બસ જેવી છે એ તો એક જાય એટલે બીજી આવી જાય... મજા પડીને, પણ જે છોકરીઓને છોકરીઓએ રિઝેક્ટ કરી એ પણ જરા સાંભળી લે. છોકરાઓ છે ને ઓટોરિક્ષા જેવાં હોય છે એક ને બોલાવો તો ચારપાંચ જણાં આવીને ઊભા રહી જાય... જરા ગમ્મત કરી માહોલ હળવો બનાવી લીધો...



ધારો કે, તમને કોક છોકરી ગમી હતી, તમે એને પ્રપોઝ પણ કર્યું, પણ એ કોલેજ આવી જ નહીં, કદાચ આવી હોય પણ સતત એની બહેનપણીઓનાં ટોળામાં હોવાથી વાત કરવાની સંધી જ મળી નહીં, અથવા સંધી મળી તોય તમારી એ વખતે જીભ જ ઉપડી નહીં અને તમે એને પૂછ્યું જ નહીં... આમાંનું કંઇક થયું છે? ખરૂં ને? તો પછી આટલું ટેન્શન કેમ લો છો? હજી પરિક્ષા આપી જ નતી તો પછી નાપાસ થયા જેટલું રહે છે કેમ?

અને ધારો કે, આપણે માર્ચમાં પાસ ના થયાં તો શું કરીએ છીએ? ઓકટોબરે ટ્રાયલ ખરી કે નહીં? બસ અહીંયા એ જ કરવાનું, એક તક ગુમાવી તો બીજી ગોતવાની, તક મળે નહીં તો ઊભી કરવાની, આપણાં એકલાની જનરલ સબમીટ કરવાની રહી જાય તો મેડમનું માથું પકવી ચાપલૂસી કરી સબમીટ કરાવીએ છીએ ને? બસ એવું મગજ અહીં ચલાવવાનું, પ્રેમમાં પડીને ઘાયલ થવાય, પણ માથું તો હાજર છે ને બસ હિંમત નથી હારવાની દોસ્ત... કાલે વેલેન્ટાઇન ડે એ ના પૂછી શકાયું તો બધું પતી ગયું એવું જરાય સમજવાની જરૂર નથી...

કદાચ એ છોકરીને લગ્ન જેવી સિરીયસ મેટરને આવા જનરલ દિવસે સાંભળવામાં ઇન્ટરેસ્ટ ના હોય? એ કરતાં એ માટે સરસ મોકો જોઇ સારી પરિસ્થિતિ નિર્માણ કરી પુછો તો કદાચ હા પાડવાની શક્યતાઓ વધી શકે છે. એવો વિચાર કેમ નથી કરતાં? છોડો યાર... કિતના ટાઇમ મુંબ લટકાકે બૈઠા ગે? આગે કી સોચો...

કેટલાંક પ્રોબ્લેમ જરા આનાથી ગંભીર હોય છે એ માત્ર સાચી વાત છે. કેટલાક યુવાનોએ તો આ બધી માથાકુટમાંથી પસાર થઇ અને પ્રપોઝ કર્યું, પેલાં ચેતનની જેમ અને પેલીએ ના પાડી, બરાબરને ? થયું છે ને આવું? પણ તમને ખબર છે અરધાથી વધુ પ્રમાણમાં છોકરીઓ પ્રપોઝ કરનારાં છોકરાઓને ના પાડે છે!! આમાં કેટલાંક આ વાત ખરાં દિલથી કબુલ કરશો અને કેટલાંક ફાંકો મારવા એમ કહેશો કે મેં જ ના પાડી, મને જ પસંદ નહોતી, સાચું નહીં બોલે કે પેલી સુંદરીને આનાં તેવર જોઇના પાડી દીધી...

પણ મૂળ પ્રોબ્લેમ શો હતો? એ મને ગમતી હતી અને મને ના પાડી... હવે હું શું કરૌં આનો જવાબ બહુ સહેલો છે અને સાંભળનાર માટે અઘરો છે, કે એ જ એણે ના પાડી એટલે આપણે કંઇ કરવું નહીં... તમારે જે કરવું હતું એ તો તમે કરી લીધું, એના પર એણે પણ જે કરવું હતું કરી લીધું. હવે એના પર તમે વધુશું કરવાનાં? કશું જ નહીં કરી શકવાના... આ કંઇ બિઝનેશ નેગોસિયેશન ડીલ છે તે તમે ઓફર આપી, એણે ના પાડી, તમે બીજી ઓફર અલગ રીતે આપી, એના પર એણે કાઉન્ટર ઓફર આપી અને પછી કયાંક ડીલ ફાઇનલ થઇ...

પ્યાર કી બાતે ઐસી થોડી ના હોતી હૈ? એણે કેમ ના પાડી એ પ્રશ્ન સતાવે છે ને તમને? એટલે આ છોકરો તો ખરાબ જ છે, આને કોણે હા પાડે? એવુંય કદાચ એના મનમાં ના હોય, એણે ના પાડી એના કારણો અલગ હશે. એના ઘરે આવું પ્રેમપ્રકરણ નહીં ચાલતું હોય. એનો કદાચ પહેલો પ્રેમભંગ થયો હશે એટલે પ્રેમની વાતો પરથી એનો વિશ્વાસ જ ઉઠી ગયો હશે... અથવા તો તમને એને જોઇ 'કુછ કુછ હોતા હૈ' જેવું ક્લિક થયું, એવું એને ના પણ થયું હોય... આવું બધું જ થઇ શકે યાર...

જરા આટલું સમજી જાવ એટલે તમારો ફંડા ક્લિયર થઇ જશે, તમે મનમાં પ્રિયંકાને પ્રેમ કરતાં હોવ અને તમને કેટરીનાં કે સની લિયોન પ્રપોઝ કરે, તો તમે શું કરશો? એ પેલી કેટરીના કે સનીને ના જ પાડશો ને? બીજું શું કરવાનાં? એનો અર્થ એવો તો જરાય નથી કે કેટરીના કે સની લિયોન ખરાબ છે? નહીં ને? એટલે એનો અર્થ એવો થયો કે છોકરીએ જો તમને ના પાડી એટલે તમારામાં કંઇક ખામી - ઓછાં પણું છે એવું જરાય થતો નથી...

એનો અર્થ એટલો જ કે બંને બાજુથી કલીક નથી થતું. ચલતા હૈ યાર. હવે છે ને આવું બધું એડજેસ્ટ કરવું બહું અઘરૂં છે, જો બંને સાઇડથી મેચિંગ ના થાય તો અને ઇમોશનલ સેટીંગ કરે તો ભવિષ્યમાં પ્રેમનો અંત આવતાં સંબંધ પુરા થઇ છેક છુટા પડવાનાં વારા આવે અને ત્યારે જે નવું પાત્ર ગોતવાની ગોઠવણમાં દેવાઇ જવાય એનાં કરતા તો અત્યારે છુટા પડેલાં શું ખોટાં? યાર, તમને એક દિવસ તમારૂં મનગમતું પાત્ર મળશે જ ત્યાં સુધી ભલેને આવાં રોંગ નંબર લાગ્યા કરે, ધિસ ઇઝ ધ લાઇફ...

વેલેન્ટાઇન ડે ની રાત થવા આવી હતી અને રેડ રોઝનાં બુકેમાંથી મઘમમથી ખુશ્બુ આવતી હતી એને માણતાં સુવાની તૈયારીમાં ફરી મોબાઇલ રણક્યો, 'જો તુમકો હો પસંદ વહીં બાત કરેંગે... અને સામે ફરી સવારવાળો ચેતન જ પણ આ વખતે ખુશખુશાલ હતો અને ઉત્સાહમાં બોલ્યો' તમે મને સમજાવ્યો અને પિંકીને શું કિધું ખબર નહીં પણ, પણ અમારૂં સેટીંગ થઇ ગયું.' ...આનાથી વિશેષ સુંદર વેલેન્ટાઇન ડે મારા માટે કયાં હોઇ શકે??

**ચૂંટલો :**

ખુલ્લા મને કરેલો પ્રેમ ખુલ્લા દિલે કરેલાં પ્રેમ કરતાં લાંબુ આયુષ્ય ભોગવે છે, કારણ પાપ મનમાં હોય છે, હૃદય તો પહેલેથી જ નિર્મળ હોય છે. પવિત્રતા, પારદર્શકતા અને પાત્રતાથી થતો પ્રેમ ખરેખર પરિપક્વ હોય છે. વિચારજો જરી આ વાત પર.

# ...મમ્મી આ શહેર છે, તમારૂં ગામડું નથી, જયાં સાંજ થયાં જ ઘરમાં બારણાં વખાઇ જાય, શહેરોમાં તો રાતનાં બાર વાગ્યા સુધી ચહલપહલ રહેતી હોય છે

### નવાં ક્લેવર

- નટવર હેડાઉ

ફેબ્રુઆરી મહિનો ચાલે છે છતાં શિયાળાનો અનુભવ અત્યારે થઇ રહ્યો છે. દિવસ જાણે કે ટૂંકો હોય તેમ લાગે છે. રાતનાં આઠ વાગતાં જાણે કે અડધી રાત થઇ હોય તેવું લાગવા માંડે છે. દેવયાની બહેન વારંવાર ઘડિયાળ તરફ જુએ છે. જેમ જેમ ઘડિયાળના કાંટા આગળ વધે છે તેમ તેમ તેમના હૃદયના ધબકારા વધી રહ્યાં છે. પરંતુ એનાથી તદ્દન વિરૂધ્ધ સુષ્મા અને સુકેતુ પોતપોતાનાં કામમાં વ્યસ્ત છે. સુષ્મા કંઇક ગીત ગણગણતી રસોડામાં જમવાનું બનાવતી હતી. અને સુકેતુ દિવાનખંડમાં સોફા પર લાંભો થઇ ટી.વી. જોતો હતો. ને બંને ને કોઇ જાતની ચિંતા નહોતી કે તેમની કિશોરવયની દીકરી નવ્યા હજુ સુધી ઘેર આવી નથી.

કયારેક કોઇ ફ્રેન્ડનો બર્થ-ડે, અથવા ગેટ ટૂ ગેધર પાર્ટી એવું કંઇ ને કંઇ થાય તેમાં મોટા ભાગે એ કોલેજથી સીધી જતી રહેતી. અને દસ અગિયાર વગાડી દેતી. દેવયાની બહેન ને અહીં આવ્યો દસ દિવસ થઇ ગયા હતા. તેમણે જોયું કે એ દસ દિવસમાં માંડ બે ત્રણ દિવસ સાંજે અંધારૂં થયા પહેલાં એ ઘેર આવી હોય. અને સુષ્મા કે સુકેતુ પણ એને ઘેરથી નીકળતાં કયારેક એમ કહેતાં નથી કે સમયસર ઘેર આવી જજે.

દેવયાની બહેન વિચારવાં લાગ્યા કે હું ટોકીશ કે સુકેતુને કંઇ ફરિયાદ કરીશ તો સુષ્માનું મોઢું બગડી જશે. એ તો તરત કહી દેશે મમ્મી આ શહેર છે. તમારૂં ગામડું નથી. જયાં સાંજ થયાં જ ઘરમાં બારણાં વખાઇ જાય. શહેરોમાં તો રાતનાં બાર વાગ્યા સુધી ચહલપહલ રહેતી હોય છે. અને નવ્યા કંઇ હવે નાની નથી રહી, કે તેને રોજ ઘરથી નીકળતાં શિખામણ આપવી પડે કે બેટા અંધારૂં થતાં પહેલાં આવી જજે. નહીંતર ભૂલી પડી જઇશ.

દેવયાની બહેન એ જ સમજાવવા માગતાં હતાં કે એ હવે નાની બાળકી નથી રહી. એ વાતનો તો ડર છે. નાની બાળકી ઘરનો રસ્તો ભુલી જાય તો કોઇ પણ આંગળીએ વળગાડીને તેને ઘેર મુકી જાય. પણ જીવનના રસ્તેથી ભટકી જાય તો મોટી, છોકરીઓને ઘરની બહાર કોઇ સાચો રસ્તો બતાવનાર નથી હોતું. પણ તેનો ફાયદો ઉઠાવનારા ઘણાં હોય છે.

આમ પણ તેમનાં અને દેવયાની બહેન વચ્ચે વૈચારિક મતભેદો પહેલેથી જ રહ્યાં છે. મોટા શહેરમાં રહીને ઉછરેલી સુષ્માને હંમેશા તેની સાસુ રૂઢિવાદી અને જુનવાણી લાગે છે. તેની રહેણીકરણી દેવયાની બહેન અને તેનાં પતિને સારી લાગતી નહોતી, અને એ લોકો કંઇ કહે તે તેને પસંદ ન હતું. મા-બાપ અને પત્નીની વચ્ચે સુકેતુની સ્થિતિ બે હોડીઓ પર સવાર થયેલાં નાવીક જેવી થઇ ગયેલી. માતા પિતાના સંસ્કારોને કારણે તે એમનો વિરોધ કરી શકતો ન હતો. તેના કારણે તે બંનેની વચ્ચે ઝગડા થઇ જતાં.

તેથી સુકેતુનાં પપ્પા નોકરીમાંથી નિવૃત્ત થયા એટલે તે બંને શહેર છોડીને પોતાના વતનના ગામડે જતાં રહ્યાં. તે પછી વર્ષમાં બે ત્રણ વાર ચારપાંચ દિવસ અહીં રહેવા આવતા. ત્યારે સુષ્મા એમ સમજતી કે થોડાં દિવસની વાગ છે. તેથી જેમ તેઓ ઇચ્છે તેમ એ રહેતી. અને જો ન રહે તો પણ એ લોકો એવું વિચારતાં કે જવાદો આપણે અહીં કેટલા દિવસ, આપણા ગયા પછી એ લોકો પોતાની મરજી મુજબ જ જીવવાનાં છે, તો પછી શું કામ કંઇ કહેવું.

નિમેષ અને નવ્યા સ્વભાવે બિલકુલ તેની મમ્મીની કાર્બન કોપી હતાં. ન તો નાનાં મોટાંની મર્યાદા કે ન વિવેક, રહેવાનું તો એ રીતે જાણે કે ભારતમાં નહીં અમેરિકામાં જાણે કે રહેતાં હોય. આપણા દેશની સંસ્કૃતિ, સામાજિક સભ્યતા કે કૌટુંબિક સંસ્કારોની નાનકડી ઝલક પણ તેમનાં માં કયાંક દેખાતી નહીં. તેમાં એમનો કંઇ દોષ પણ નહોતો. બાળકો તો ભીંની માટીનાં પીંડ જેવાં હોય છે. તેને જેવો આકાર આપો તેવાં થાય.

એક દિવસ સુકેતુ ને કોઇક વાતે તેના પપ્પા એ કહ્યું કે, 'આ છોકરાઓ બગડી જશે. તેના પર કંટ્રોલ કર.' ત્યારે સુકેતુ એ કંઇ કહ્યું નહીં પણ સુષ્મા રસોડામાંથી ધશી આવતાં બોલી. 'પપ્પા તમને અને મમ્મીને તો તમારા છોકરાંઓ સિવાય આ દુનિયામાં કોઇ સમજદાર હોય એવું લાગતું જ નથી.'

ત્યારે એવું લાગ્યું કે જાણે કોઇએ પીગળેલું શીશુ કાનમાં રેડી દીધું હોય. તો શું નિમેષ અને નવ્યા અમારાં બાળકો નથી? પૌત્ર પૌત્રીઓ માટે દાદા દાદીનું વ્હાલ તો એ રીતે ગણાય છે કે ભઇ મુકી કરતાં વ્યાજ વ્હાલું હોય છે.

દુ:ખ તો એ વાતે પણ બંને ને થયેલું કે સુકેતુ પણ આ બાબતે ચુપ રહ્યો. તેમણે જોયું કે તે પોતાની પત્નીની આંધળી આધુનિકતા આગળ વિવશ હતો અને તે ઇચ્છે તો પણ કંઇ કરી શકતો ન હતો. તેથી સગી આંખો અંધ અને કાન હોવા છતાં બધિર બની ગયો હતો. પત્ની શું કહે છે, શું કરે છે અને બાળકો કઇ દિશામાં જઇ રહ્યાં છે તે પછી વાતે તેણે આંખ ને કાન બંધ કરી દીધાં હતા.

તેમાં સુકેતુના પપ્પાની લાંબી બિમારી અને તે પછી તેમનાં મૃત્યુને કારણે દેવયાની બહેન બે વર્ષ સુધી ગામડેથી અહીં શહેરમાં આવી શક્યાં ન હતાં. જતાં સુધી પતિ હતા ત્યાં સુધી ગામડે ગમતું, મન લાગી રહેલું પણ હવે એ ન રહ્યા એટલે એકલવાયું લાગવા માંડ્યું હતું. ત્યારે સુકેતુ જીદ કરીને કાયમ માટે તેમને શહેરમાં લઇ આવ્યો. એ પણ એમ સમજીને આવી ગયાં કે આવા દિવસો માટે જ માણસો પોતાના છોકરાની આશા રાખે છે. એ વાતનો ફાયદો પણ શું કે પોતાના અહં અને જીદ્દને કારણે જીવનની અંતિમ દિવસો એકાકી રૂપે વિતાવવા પડે. કોણ જાણે કયારે શ્વાસનો દોર તૂટી જાય.

દેવયાની બહેનને પાછાં લાવતાં સુકેતુએ રસ્તામાં જ વિનંતી કરેલી કે મમ્મી તારે સુષ્માની વાતે ઓછું લાવવું નહીં. તે જીભની કડવી છે પણ દિલની સાફ છે. એ તો તે પણ જાણતાં હતાં કે તેનાં મનમાં કંઇ હોતું નથી. અને જીભથી કડવી તો એ માટે છે કે તેને મીઠાશથી રહેતાં કોઇએ શીખવ્યું જ નથી. તેમાં દોષ તેનો નથી તેના ઉછેરનો છે. તેને અ રંગે કોઇએ રંગી જ નથી જે રંગે અમે તેને જોવા માંગીએ છીએ.

તેથી આ વખતે તો દેવયાની બહેન સંપૂર્ણ રીતે એમ વિચારીને જ આવેલાં કે હું સુષ્માની કોઇ વાતનું ખોટું નહીં લગાડું. પણ એ નારાજ થઇ જશે. એ વાતે હું ચુપ પણ નહીં રહું, પણ હા એ જ કરીશ જે મારા કુટુંબના હિતમાં હોય.

'મમ્મી શું વિચાર કરે છે? સુકેતુ એ ટોકી એટલે તે એકદમ ચોંકી ગઇ. તેમણે જોયું કે ઘડિયાળમાં સવા નવ થઇ કયાં છે. સુષ્મા ડાઇનિંગ ટેબલ પર જમવાનું પીરસી રહીછે.'

(અનુસંધાન પાના નં. ૬ પર)

# અગણિત શ્રેષ્ઠ રચનાઓથી ગુજરાતી સાહિત્ય છલકાઇ રહ્યું છે, એમાંથી થોડુંક ચાંગળું ભરીને પણ આપણાં બાળકો - પામે તે અત્યંત જરૂરી છે

### પારિજાત

- રેખા ભટ્ટ

મળતાં મળી ગઇ મોંઘેરી ગુજરાત
ગુજરાત મોરી મોરી રે!

એક ગુજરાતી હોવા તરીકે આપણી છાતી ગજ ગજ ફૂલે અને ગુજરાતી ગણાવામાં ગૌરવ થાય એવી સમૃધ્ધ આપણી ગુજરાતી ભાષા છે.

વિશ્વકક્ષાએ પ્રસિધ્ધ એવું વૈષ્ણવજન તો તેને રે કહીએ... ની રચના કરનારા આપણા આધ કવિ નરસિંહ મહેતા ને જ માત્ર આપણે યાદ રાખીએ તો પણ ગૌરવ લઇ શકાય એવી એમની તત્ત્વજ્ઞાનથી અને ભક્તિ રસથી ભરપૂર રચનાઓ છે. જેમાં ઊડું તત્ત્વજ્ઞાન ઠાંસી ઠાંસીને ભરેલું હોવા છતાં, સમજવામાં ખૂબ જ સરળ પદોની રચના કરીને નરસિંહ મહેતાએ ગુજરાતી ભાષાને ઘર-ઘરમાં ગૂંજતી કરી છે પ્રભાતિયાંનાં સ્વરૂપે, અને પછી તો અગણિત કવિતો - લેખકો - નિબંધકારો - કવિતાઓ - વાર્તાઓ - નવલકથાઓ - નિબંધો - પ્રવાસ વર્ણનો - નાટકો - આત્મકથાનકો - ચરિત્ર નિબંધો ... ગુજરાતી ભાષાની સમૃધ્ધિની જેટલી વાત કરીએ તેટલી ઓછી છે.

એક ગુજરાતી તરીકે આપણી ભાષા માટે માન હોવું જોઇએ તે કહેવાની વાત નથી. ગુજરાતીઓ આખા વિશ્વમાં ફેલાયેલાં છે. સાહસપ્રિયતા ને કારણે ધંધા-ઉદ્યોગ માટે વિશ્વાના ખૂણેખૂણામાં જઇ વસ્યા છે, ત્યારે આજે એ પરિસ્થિતિ છે કે બીજા રાજય કે દેશની હોટેલમાં જઇને ઊભા રહીએ ત્યારે એ લોકો ભાંગી-તૂટી ભાષામાં પણ 'કેમ' છો? સારા તો છે?' એવું બોલવા પ્રયત્ન કરીને પણ આપણને રાજી રાખવા મથે છે ત્યારે આપણે! આપણી ગુજરાતની હોટેલોમાં હિન્દી અથવા અંગ્રેજી ભાષામાં વાનગીઓનો ઓર્ડર આપતાં શરમાતા પણ નથી!

પોતાના દેશ માટે, માતા માટે અને માતૃભાષા માટે આપણને અત્યંત માન અને પ્રેમ હોવાં જ જોઇએ. અને એ કંઇ કહેવાની વાત છે! પણ ખુબ દુ:ખ સાથે કહી શકાય કે આપણાં બાળકોને નાનપણથી જ ગુજરાતી ભાષા જાણવાની - માણવાની - સમજવાની ટેવ આપણે પાડતા નથી. પ્રાથમિક શાળા કે હાઇસ્કૂલમાં ભણતાં વિદ્યાર્થીને જઇને પૂછો કે તારા ગુજરાતી વિષયમાં પહેલી કવિતા કોની છે? અને કોણે લખી છે? - તો એ વિદ્યાર્થી પાસે એનો જવાબ નથી.

પોતાની જ ભાષાના કવિઓ - લેખકો કે એમની સુંદર કૃતિઓ વિષે જ એમને ખબર નથી તો 'મૃચ્છકટિકમ્' - શુદ્રકનું લખેલું છે તે મેઘદૂત - કાલિદાસની અપ્રતિમ કૃતિ છે - સંસ્કૃત ભાષાના રત્નો જેવી એ કયારે ખબર પડે?

બાળકો પોપટની જેમ ગોખેલી કવિતા 'જનની જોડ...' બોલી જાય છે ખરાં પણ એના રચનારા ને કવિ કહેવાય એ પણ ખબર નથી - નામની તો કયાંથી ખબર હોય?

અને આના માટે આપણે સૌ જવાબદાર છીએ, શિક્ષકો, મા-બાપ, વડીલો-કોઇને પડી નથી બે મિનિટ શાંતિથી બેસીને બાળકો સાથે ગુજરાતી ભાષા વિશે વાત કરવાની. એ જરૂરી નથી કે મા-બાપ ગુજરાતી ભાષાની સરસ વાર્તાઓ કહે? શિક્ષકોએ પરીક્ષાલક્ષી ભણાવવાની ધૂનમાં, માતૃભાષામાં રસ ઉત્પન્ન થાય એવી રીતે વાત કરવી જોઇએ. એવું નથી લાગતું?

અને આપણે માબાપો! અંગ્રેજી ભાષા શીખવડાવાની લાહ્યમાં, એવું અધકચરૂં શીખડાવીએ છીએ કે નથી પૂરૂં અંગ્રેજી આવડતું કે નથી પૂરૂં ગુજરાતી આવડતું! કેમ કે મમ્મીઓને પણ 'એપલ ખાવું છે?' કે 'વોકીંગ કરવા આવવું છે?' થી આગળ અંગ્રેજી નથી આવડતું. બાળકોને પણ મને ગુજરાતી નથી સમજાતું કહેતાં શરમ નથી આવતી અને મમ્મીઓને એ વાતનું ગૌરવ થાય છે. મહેમાન આવે ત્યારે 'બેબી' દબંગના ગીત પર ડાન્સ કરે છે - મમ્મી-પપ્પા હરખાય છે - અને ગુજરાતી પોએમ (!) તો આવડતી જ નથી બેબીને!

(અનુસંધાન પાના નં. ૬ પર)


## આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે


### ૨૦મી ફેબ્રુઆરી



- સમર્થ કવિ જ્હોન કિટ્સની પુણ્યતિથિ, લામિયા એન્ડ અધર પોએટ્સ - છેલ્લો કાવ્યસંગ્રહ ૧૯૨૧માં અવસાન થયું.
- ૧૮૬૮ - આઝાદી લડતમાં અનન્ય ફાળો આપનારા 'અમૃતબઝાર પ્રત્રિકા'નો પ્રારંભ થયો.



- ૧૮૮૦ - રમણ મહર્ષિનો જન્મ.



- ૧૯૭૧ - ફોરવર્ડ બ્લોકના અધ્યક્ષ - હેમંતકુમાર બાસુની હત્યા થઇ.